# કોરોનાના નવા ૨૮ કેસ, વધુ ૩ શિક્ષકો કોરોનાથી સંક્રમિત

## અનેક શાળાઓમાં શિક્ષણકાર્ય બંધ કરવાની નોબત

બાયડ, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાની સ્થિતિ વિસ્ફોટક થવા જઈ રહી છે. શુક્રવારે નવા ૨૮ પોઝિટિવ કેસ નોંધાતાં જિલ્લામાં એક્ટિવ કેસનો આંકડો ૮૭ ઉપર પહોંચ્યો છે. હિંમતનગર શહેર અને તાલુકાના ગામડાં કોરોનાથી સંક્રમિત બન્યા હોય તેમ હિંમતનગર તાલુકામાં ૧૫ કેસ નોંધાયા છે. જ્યારે શાળાઓના ૩ શિક્ષકો સંક્રમિત બનતાં અનેક શાળાઓમાં શિક્ષણકાર્ય બંધ કરવાની નોબત આવી છે. પ્રજા હજુ પણ સાવધ નહીં થાય તો સાબરકાંઠા જિલ્લો ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ઘાતક જિલ્લો બની શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર નવા વર્ષના આરંભથી સાબરકાંઠા જિલ્લાની આરોગ્ય ક્ષેત્રે પનોતી બેઠા જેવી સ્થિતિ છે. ઈડરથી શરૂ થયેલું કોરોના સંક્રમણ એક પછી એક હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, વડાલી, ખેડબ્રહ્મા તાલુકા સુધી

**જિલ્લામાં નોંધાયેલા કોરીનાના કેસ...**

| તાલુકો | નવા કેસ |
|---|---|
| હિંમતનગર | ૧૫ |
| ઈડર | ૦૮ |
| વડાલી | ૦૩ |
| તલોદ | ૦૧ |
| ખેડબ્રહ્મા | ૦૧ |

પ્રસરતાં ૮ પૈકી ૫ તાલુકા કોરોનાથી સંક્રમિત થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા ૧૫ થી ૧૮ વર્ષની વયના બાળકોને વેક્સિનેશન આપવાની શરૂઆત થયા પછી કરોનાએ તેજ રફતાર પકડતાં પાછલા ૨ દિવસમાં શૈક્ષણિક સંકુલોમાં પણ થયેલી આડ અસરો જોવા મળી અને શુક્રવારે નવા ૨૮ પોઝિટિવ કેસ સામે આવતાં આરોગ્યતંત્ર પણ ચિંતિત બન્યું છે. અત્યાર સુધી તમામ દર્દીઓ હોમ આઈસોલેશન છે જેથી ત્રીજી લહેર ઘાતક ન હોવાનું અનુમાન છે પરંતુ આજ સ્થિતિ લાંબો સમય ચાલુ રહે તો જિલ્લાની હોસ્પિટલોમાં પણ દર્દીઓ ઉભરાય તેવી પૂરેપૂરી સંભાવના છે. જિલ્લામાં કોરોનાની તેજ રફતાર જોતાં આજે શનિવારે કોરોનાના નવા કેસ ૧૦૦નો આંકડો પાર કરે તેવી સંભાવના છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પતંગ રસિયાઓએ પતંગ-દોરીની ખરીદી શરૂ કરી

## પતંગ બજારમાં ઉત્તરાયણનો ઉત્સાહ દેખાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ઉત્તરાયણના તહેવાર આડે હવે માત્ર ૭ દિવસનો સમય બાકી રહ્યો છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પતંગ રસિયાઓ દ્વારા પતંગ અને દોરીની ખરીદી શરૂ કરાઈ છે. જિલ્લામાં પતંગ યુદ્ધનો દિવસ નજીક આવતાં પતંગ બજારમાં પણ ઉત્તરાયણનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઉત્તરાયણના દિવસે પતંગ-દોરીના પેચ લડાવવા માટે દોરી પીવડાવવા અને પતંગની ખરીદી પતંગ રસિયાઓએ શરૂ કરી દીધી છે.

જિલ્લામાં અન્ય તહેવારો કરતાં પણ ઉત્તરાયણનું પર્વ ભારે હર્ષોલ્લાસથી ઉજવાતું હોય છે. આકાશી યુદ્ધ આરંભાયું હોય તેમ ઉત્તરાયણના દિવસે એ કાઈપ્યો છે..કાઈપ્યો છે ના નારા ગુંજી ઉઠતા હોય છે. એકમાત્ર ઉત્તરાયણ જ એવો તહેવાર બની રહ્યો છે કે જિલ્લામાં દરેક ધર્મના લોકો ઉત્સાહપૂર્વક ઉત્તરાયણની ઉજવણી કરતા હોય છે. ઉત્તરાયણના પર્વ આડે માત્ર ૯ દિવસ બાકી રહ્યા છે ત્યારે યુવાનો અને પતંગ રસિયાઓ દ્વારા પતંગ-દોરીની ખરીદી પૂરજોશમાં શરૂ કરાઈ છે. આ વખતે પતંગ-દોરીના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો ભાવ વધારો ઝીંકાયો હોવા છતાં ઉત્તરાયણ અગાઉ પતંગ રસિયાઓ ઉત્સાહપૂર્વક ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં માંજો પીવડાવનારા ઉસ્તાદો પાસે દોરી પીવડાવવા માટે પતંગ રસિયાઓની કતારો શરૂ થઈ છે. જ્યારે સુરત અને બરેલીનો માંજો પતંગ રસિયાઓમાં હોટ ફેવરીટ બની રહ્યો છે. જ્યારે પતંગ બજારમાં ખંભાતી પતંગોની મોટી માંગ હોવાનું પતંગના વેપારીઓ જણાવી રહ્યા છે. જિલ્લામાં છેલ્લી ઘડીએ પતંગ અને દોરીના ભાવમાં ભાવ વધવાની શક્યતાઓને ધ્યાનમાં લઈ આ વખતે પતંગ રસિયાઓએ ૭ દિવસ અગાઉથી જ પતંગ-દોરીની ખરીદી શરૂ કરી દીધી છે. જ્યારે પતંગ રસિયાઓએ ઉત્તરાયણના દિવસે ક્યાં અને કોના ધાબા ઉપર સમૂહમાં પતંગ ચગાવવા તેના આયોજનો અત્યારથી જ ગોઠવી દીધા છે.

**ગંધકની જેમ સળગતી ગાડીઓથી ચિંતા વધી..!!**

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં એક વર્ષમાં ૨૫ વાહનો સળગી ઉઠ્યાં

## ગેરકાયદે ગેસકીટ ઉપર લગામ મૂકવામાં આર.ટી.ઓ. તંત્ર નિષ્ફળ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વર્ષ-૨૦૨૧ની વિદાય થયા પછી વર્ષ-૨૦૨૨નો જાન્યુઆરી માસ પણ સડસડાટ આગળ વધી રહ્યો છે. સાબરકાંઠા-



અરવલ્લી જિલ્લામાં વિતેલા વર્ષમાં ૨૫ વાહનો સળગી ઉઠવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. જાહેર માર્ગો ઉપર દોડતી અને જેમ ગંધક હવાના સંપર્કમાં આવવાથી સળગી ઉઠે છે તે રીતે ગાડીઓ સળગતી હોવાથી કંપનીઓની ગુણવત્તા સામે પણ મોટો સવાલ ઉભો થયો છે. પરંતુ જે વાહનો સળગ્યાં છે તે પૈકીનાં મોટા ભાગનાં ગેસકીટ લગાવેલાં વાહનો હોવાથી હલકી ગુણવત્તાની ગેસકીટથી વાહન ચાલકો ખુદ અને પોતાના પરિવારની જીંદગી જોખમમાં મૂકી રહ્યાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર ગેસ કીટ ઉપર લગામ મૂકવામાં આર.ટી.ઓ. તંત્ર સદંતર નિષ્ફળ રહ્યાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

દેશ અને રાજ્યમાં જ્યારે કોઈ નાનુ-મોટું વાહન સળગી ઉઠે ત્યારે તે એક મોટી દુર્ઘટના તરીકે જોવાતું હતું. પરંતુ જેમ જેમ હલકી ગુણવત્તાની ગેસકીટો વાહનોમાં ફીટ થવા લાગી અને આર.ટી.ઓ. તંત્ર પણ ખિસ્સાં ભરી માર્ગો ઉપર યમદૂત સમા આવા વાહનોને દોડવાની પરવાનગી આપવા લાગતાં જિલ્લામાં ગેસકીટ લગાવી દોડતા વાહનોથી ૨ કી.મી. દુર રહેવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૨૫ વાહનો સળગી ઉઠ્યાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે તેમાંથી અધિકાંશ વાહનોમાં ગેસકીટ લગાવવામાં આવી હતી પરંતુ કેટલા વાહનોમાં આર.ટી.ઓ.ની પરમીશનથી ગેસકીટ લગાવાઈ છે તે આજદિન સુધી બહાર આવ્યું નથી. જિલ્લાના બાયડ તાલુકામાં વાહનો સળગવાના બે કિસ્સા વર્ષ દરમ્યાન પ્રકાશમાં આવ્યા છે. ધનસુરા તાલુકામાં એક વાહન સળગવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ચિલોડા, મજરા, પ્રાંતિજ, હિંમતનગર, ગાંભોઈ, શામળાજી, રાજસ્થાન સરહદ સુધીના નેશનલ હાઈવે નં.૮ ઉપર પણ અત્યાર સુધીમાં ૨૦ થી વધુ વાહનો સળગી ઉઠ્યા છે અને મોટા ભાગના વાહનો સળગી ગયા બાદ માત્ર હાડપિંજર સમા જોવા મળ્યા હતા. ટૂંકમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થતો સતત ભાવ વધારો અને સમાજ અને ગામમાં મોભાદાર વ્યક્તિ તરીકે દેખાવવા માટે કાર હોવી જોઈએ તેવી એક માનસિક્તામાં અનેક વાહન માલિકોએ ગેસકીટ હલકી ગુણવત્તાની ફીટ કરાવી હતી અને તેમાં ગુણવત્તા વિહીન ગેસકીટને લઈને જિલ્લામાં વાહનો રસ્તા ઉપર જ સળગી જવાના થોકબંધ કેસ પ્રકાશમાં આવ્યા છે. માનવ અવર-જવરથી ધમધમતા માર્કેટમાં આ રીતે વાહન સળગી જાય ત્યારે મોટી દુર્ઘટના સર્જાવાનો ભય રહેલો છે ત્યારે જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડા દ્વારા ગેરકાયદે ગેસકીટ લગાવી ફરતા વાહનો સામે આર.ટી.ઓ. સખ્તાઈ ન દાખવે તો વિભાગો દ્વારા સખ્તાઈ દાખવવાના આદેશ કરવામાં આવે તો જ ભવિષ્યમાં બનનારી મોટી દુર્ઘટનાઓને નાસીપાસ કરી શકાશે અન્યથા ગમે ત્યારે મોટો હાદસો થવાની દહેશત સેવાઈ રહી છે.

# બાયડ પોલીસ સ્ટેશનમાં અરજદારોને હડધૂત કરાતા હોવાના આરોપ લાગ્યા

## સોમવારે રેન્જ આઈ.જી. સમક્ષ લેખીત ફરીયાદ કરાશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૮

બાયડ પોલિસ સ્ટેશનમાં હેરાનગતિથી ત્રસ્ત અરજદારો ફરીયાદ કરવા માટે આવે ત્યારે કેટલાંક પોલિસ સ્ટાફ દ્વારા હડધૂત કરાતા હોવાના અને જ્યાં જવું હોય ત્યાં જાવ અમારું કોઈ કશું બગાડી નહિ શકે તેવી ખુલ્લી ધમકી આપી કેટલાંક અરજદારો સાથે બિભત્સ ગાળો બોલતા હોવાના આરોપ લાગ્યા છે. આ અંગે જિલ્લા કક્ષાએ રજુઆત પછી પણ બાયડ પોલિસના વાણી-વર્તનમાં સુધારો ન આવતા કેટલાંક અરજદારો સોમવારે ગાંધીનગર રેન્જ અધિકારી સમક્ષ લેખીત પુરાવા સાથે ફરીયાદ કરશે તેમ જાણવા મળ્યું છે. બાયડ ટાઉનના સ્ટાફ સામે અતિ ગંભીર ફરીયાદ સામે આવી રહી છે.

વર્ષોથી એક જ સ્થળે ચિટકી રહેલા પોલિસ કર્મીઓ પોતાના આર્થિકહિત સંતોષાતા હોવાથી અનેક અપરાધીઓને છાવરી રહ્યા છે. બાયડ ગામની મહિલાને તેના પતિ દ્વારા ત્રાસ આપવામાં આવે છે અને બીજી પત્ની ઘરમાં લાવી દીધી છે અને પોતાને તગેડી મૂકી માનસિક ત્રાસ આપતાં હોવાની ફરીયાદ બાયડ પોલિસ સ્ટેશનમાં નોંધાઈ છે. જ્યારે ત્યજી દેવાયેલી મહિલા અન્ય મહિલા તેના પતિના ઘરમાં હાજર છે તેવી પુરી બાતમી સાથે બાયડ પોલિસ સ્ટેશને પહોંચી પરંતુ પી.એસ.આઈ. સહિત સ્ટાફ પીડિત મહિલાની ઠેકડી ઉડાવતા હોય તે રીતે વર્તાવ કર્યો ત્યાર બાદ મહિલાએ પોતાને ન્યાય ન મળતો હોવાની જિલ્લા કન્ટ્રોલરૂમને જાણ કરી હતી અને રાત્રે પોલિસ તપાસ માટે આવી ત્યારે અગાઉથી માનસિક ત્રાસના પોલિસ દફતરે આરોપીને આગોતરી જાણ કરી હોય તેમ અન્ય મહિલાને તેના ઘરમાંથી રવાના કરી દીધી હતી તેવો મહિલાએ ગંભીર આરોપ લગાવ્યો છે. તપાસ માટે પહોંચેલ ટાઉન જમાદારે માનસિક ત્રાસનો ભોગ બનેલી મહિલા સાથે ખરાબ વર્તાવ કરી તારે જ્યાં જવું હોય ત્યાં જા, મારું કશું કોઈ બગાડી શકવાનું નથી. ડી.એસ.પી.ને પણ જે ફરીયાદ કરવી હોય તે કરજે તેવો રોફ જમાવ્યાનો મહિલાએ આરોપ લગાવ્યો છે જ્યારે બાયડ સ્ટેશન વિસ્તારમાં રહેતા યુવાનના પિતા પાસેથી સગાંઓએ લાખો રૂપિયા લીધા છે અને તેના પુરાવા પણ હોવા છતાં પૈસા પાછા માંગવા જતાં યુવાનને માર મારતાં મામલો બાયડ પોલિસ સ્ટેશને પહોંચ્યો હતો. પોલિસ બે દિવસથી યુવાનની ફરીયાદ નોંધતી નથી અને તારા પપ્પાએ ફરીયાદ નહિ નોંધવાનું અમને કહ્યાનું જણાવ્યું હતું. ગત રાત્રે યુવાન ફરી એકવાર પોલિસ સ્ટેશનમાં ફરીયાદ આપવા ગયો ત્યારે ફરજ પરના સ્ટાફે નગ્ન ગાળો બોલી યુવાનનું અપમાન કર્યાનો આરોપ લાગ્યો છે. બાયડ પોલિસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા ચાલુ હોય તો બાયડ પોલિસના ખરાબ વર્તાવની અનેક વિગતો સામે આવી શકે છે. બાયડ પોલિસ સ્ટેશનના અરજદારો સાથેના ખરાબ અને મનસ્વી વર્તાવ અંગે સોમવારે બંને અરજદારો રેન્જ આઈ.જી.ને સાધનિક પુરાવા સાથે લેખિત રજુઆત કરશે તેવું જાણવા મળ્યું છે.

# બાયડ-દહેગામ રોડ ઉપર વારંવાર કપચી વેરાતાં અકસ્માતનો ભય વધ્યો

## બેદરકાર ચાલકો સામે પોલીસ પગલાં ભરે તેવી નાના વાહન ચાલકોની માંગ

હિંમતનગર, તા.૦૮

બાયડ-દહેગામ રોડ ઉપર કપચી ભરીને દોડતી ટ્રકમાં ઓવરલોડના કારણે સામાન્ય ખાડો આવતાં જ કપચી રોડ ઉપર વેરાઈ રહી છે જેના કારણે ખાસ કરીને અંધારામાં નાના વાહન ચાલકો વાહન પરનો કાબુ ગુમાવી દેતાં રોડ સાઈડે ફંગોળાઈ જઈ ઈજાગ્રસ્ત બનવાના અનેક બનાવો નોંધાયા છે છતાં આવા વાહન ચાલકો ઉપર કોઈ કાનૂની પગલાં ન ભરાતાં નાના વાહન ચાલકોમાં વ્યાપક રોષ અને નારાજગી જોવા મળી રહી છે.

વાત્રક-સીમલી-સાઠંબા પંથકના ક્વોરી ઉદ્યોગમાંથી દરરોજની હજારો ટન કપચી ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદ તરફ બાયડ-દહેગામ માર્ગે સપ્લાય થઈ રહી છે. તંત્રની બેધારી નીતિના કારણે ટ્રક અને ડમ્પરોમાં ઓવરલોડ કપચી અને ગ્રીટ ભરીને બેફામ ગતિએ આવા વાહનો દોડતાં હોવા છતાં પોલીસ અને આર.ટી.ઓ. તંત્ર ઓવરલોડ વાહનોને હપ્તાના જોરે છાવરતું હોવાના જગજાહેર આક્ષેપ થઈ રહ્યા છે.

બાયડ અને આંબલિયારા પોલીસ રીક્ષામાં બે મુસાફરો વધુ ભર્યા હોય તો પણ મેમો પધરાવી દઈ સરકારે દંડની સૂચના આપી છે તેવા પ્રશ્નોનો મારો શરૂ કરી દે છે. પરંતુ ઓવરલોડ દોડતા વાહનો સામે બંન્ને પોલીસ સ્ટેશનોમાં કોઈ યોગ્ય કામગીરી થતી હોય તેવું સરકારી દફતર ઉપર નોંધાયું નથી અને આ ઉપરથી જ નિયમિત હપ્તાના કારણે પોલીસ ઓવરલોડ વાહનોને રાષ્ટ્રીય સંપત્તિને નુક્સાન પહોંચાડીને પણ પોષી રહ્યાનો જગજાહેર આક્ષેપ થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી બાયડ-દહેગામ રોડ ઉપર ઓવરલોડ વાહનોમાંથી માર્ગ ઉપર કપચી ઢોળાવવાના બનાવો વધી રહ્યા છે જેના કારણે રાત્રે અંધારામાં કાળી કપચી ન દેખાતાં વાહન ચાલકો કપચી ઉપર આવતાં જ વાહન પરનો કાબુ ગુમાવી દે છે અને રોડ ઉપર પટકાઈ પડે છે જેના કારણે કેટલાક વાહન ચાલકો ઈજાગ્રસ્ત બની રહ્યાનું પણ જાણવા મળેલ છે. બાયડ પોલીસ આવા વાહનો અટકાવી તેમની સામે દંડની કાર્યવાહી કરે તેમ પ્રજા અને વાહન ચાલકો ઈચ્છી રહ્યા છે.

# ટીસ્કી પાસે રાત્રે દૂધનું ટેન્કર ઉંધુ વળતાં ચાલકનું મોત

## પૂરઝડપે સ્ટીયરીગ પરનો કાબુ ગુમાવતાં હાદસો

બાયડ, તા. ૮

માલપુર તાલુકાના ટીસ્કી પાસે રાત્રે પૂરપાટ ઝડપે પસાર થતા દૂધના ટેન્કર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં દૂધ લઈને જતું ટેન્કર રોડની સાઈડમાં ઉંધુ વળતાં ગંભીર રીતે ઘાયલ ચાલકને ઈમરજન્સી-૧૦૮ દ્વારા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ મોત નિપજ્યું હતું. બનાવ અંગે માલપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ મેઘરજ તાલુકાના રોલા ગામના ટેન્કર ચાલક જયંતિ કમજીભાઈ તબિયાડ(ઉ.૩૩ વર્ષ) તા.૬ ના રોજ રાત્રિના ૧૧-૦૦ કલાકે ગામડાઓમાંથી દૂધ એકત્ર કરી હિંમતનગરની સાબરડેરીમાં પહોંચાડવા માટે રવાના થયા હતા જે દરમ્યાન માલપુરના ટીસ્કી પાસે પૂરપાટ ઝડપે દોડતી ટેન્કર (નં. જી.જે.૦૯-ઝેડ-૧૭૪૮) બેકાબુ બન્યું હતું.



ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો સંપૂર્ણ કાબુ ગુમાવી દેતાં દૂધ ભરેલું ટેન્કર રોડની સાઈડમાં ઉંધુ વળતાં ચાલક જયંતિભાઈ તબિયાડને ગંભીર ઈજા થઈ હતી. અકસ્માતની જાણ કરાતાં ઈમરજન્સી-૧૦૮ દુર્ઘટના સ્થળે પહોંચી જ્યાં ગંભીર રીતે ઘાયલ ચાલકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો પરંતુ માથા તથા શરીરના ભાગે થયેલ ઈજાઓ જીવલેણ સાબિત થઈ હતી. બનાવ અંગે દિનેશ કમજીભાઈ તબિયાડની ફરિયાદના આધારે માલપુર પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**મગફળી વેચતા ખેડૂતો ચેતજો**

# પીપળીયાના ૨૦ ખેડૂતો પાસેથી રૂ. ૫.૮૧ લાખની મગફળી ખરીદી છેતરપીંડી

## એગ્રો પેઢીના માલિક, એજન્ટ સામે ગુનો નોંધાયો

બાયડ, તા. ૮

હિંમતનગર તાલુકાના પીપળીયા ગામના ૨૦ જેટલા ખેડૂતો પાસેથી એગ્રો કંપનીના માલિક અને એજન્ટોએ મગફળી ખરીદી આપવાના થતા નાણાં પેટે રૂ. ૬૫,૮૧,૨૩૬ની છેતરપીંડી આચરતાં પોલીસ ફરિયાદ થઈ છે. એગ્રો પેઢીના માલિકે એજન્ટો મારફતે ખરીદેલી મગફળીમાં વાયદા મુજબ પૈસા ચૂકવવા માટે આપેલ ચેક બાઉન્સ થયા પછી હાથ ઉંચા કરી નાખતાં ગાંભોઈ પોલીસે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધ્યો છે.

મગફળીની ખરીદીની સીઝનમાં ખેડૂતો સાથે છેતરપીંડીના કિસ્સા વધ્યા છે. તાલુકાના પીપળીયા ગામના નરેન્દ્રસિંહ ગગનસિંહ રહેવર અને અન્ય ૧૯ ખેડૂતોએ સીઝનમાં મગફળી પકવીને તૈયાર રાખી હતી. સારા ભાવ મળવાની આશામાં સાણંદ જિલ્લાના ચોંગુરની ડોલ્ફીન એરોના માલિક રાજુ પ્રજાપતિ અને ઈડર તાલુકાના મેસણ ગામના એજન્ટ હિતેષ પટેલ તેમજ ગેમરભાઈ નામના ઈસમે પીપળીયાના ખેડૂતોનો સંપર્ક સાધ્યો જેમાં શરુઆતમાં ખેડૂતો પાસેથી ખરીદેલી મગફળીના પૈસા વાયદા મુજબ ચૂકવી દેવામાં આવ્યા જેથી ખેડૂતોને એગ્રો પેઢી તેમજ એજન્ટો ઉપર વિશ્વાસ બેસી ગયો દરમ્યાન ફરીથી ખેડૂતો પાસેથી મગફળી ખરીદ્યા બાદ ડોલ્ફીન એગ્રો પેઢીના માલિકે આઈ.ડી.એફ.સી. બેન્કના ખાતાનો ચેક આપ્યો જેમાં ખેડૂતોએ લેવાના નિકળતા રૂ. ૬૫,૮૧,૨૩૬ ની રકમનો ચેક બેન્કમાં બાઉન્સ થયો. ખેડૂતોએ મગફળીના પૈસા માટે રુબરુ તેમજ ટેલિફોનથી માગણી કરી હોવા છતાં પેઢીના માલિક અને ઈડર તાલુકાના ૨ એજન્ટોએ છેલ્લે હાથ ઉંચા કરી નાખ્યા હતા જેથી ખેડૂતોને પોતે છેતરાયા હોવાનું જણાઈ આવતાં પોલીસ ફરિયાદ આપી છે. મગફળી વેચતા ખેડૂતો માટે ચેતવારૂપ કિસ્સામાં ગાંભોઈ પોલીસે ખેડૂત નરેન્દ્રસિંહ રહેવરની ફરિયાદના આધારે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



**બાયડ એસ.ટી. ડેપોના મહિલા કંડક્ટરે પ્રમાણિક્તા બતાવી મુસાફરનો આઈ.ફોન પરત આપ્યો**

બાયડ એસ.ટી. ડેપો દ્વારા કાયમી રુટની અમદાવાદ જતી એસ.ટી. બસમાં મુસાફર આઈ.ફોન ભૂલી ગયો હતો જે એસ.ટી.ના મહિલા કંડક્ટરે પ્રમાણિક્તા બતાવી ડેપો મેનેજરની ઉપસ્થિતિમાં પરત આપતાં પ્રમાણિક્તા ઝળકી ઉઠી હતી. એસ.ટી. બસના ડ્રાઈવર-કંડક્ટરોની ઈમાનદારીથી અનેક મુસાફરોને ભૂલાયેલ ચીજવસ્તુઓ અવશ્ય પરત મળતી હોય છે. તાજેતરમાં બાયડ એસ.ટી. ડેપોની એસ.ટી. બસ બાયડથી મુસાફરો ભરીને અમદાવાદ તરફ રવાના થઈ જેમાં અમદાવાદનો મુસાફર કવન રાવલ કિંમતી આઈ.ફોન બસમાં ભૂલી ગયો હતો. એસ.ટી. બસના મહિલા કંડક્ટર એચ. કે. દેસાઈના ધ્યાન ઉપર આઈફોન આવ્યો. આ અંગે ડેપો મેનેજર રાકેશભાઈ એમ. પટેલને હકીકત જણાવી મુસાફરનો સંપર્ક સાધ્યો હતો. જેમાં તા.૭ના રોજ અમદાવાદના મુસાફરને ડેપોમાં બોલાવી બસના મહિલા કંડક્ટર તેમજ ડ્રાઈવર જી.એમ.દેસાઈ વગેરેએ ડેપોના અધિકારી, કર્મચારીઓની ઉપસ્થિતિમાં આઈ.ફોન મુસાફરને પરત આપી પ્રમાણિક્તાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે

ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧